નં.ડીએમ/લો.સ.ચટણ/૧૮/૨૦૨૪
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર
તા.૨૩/૦૪/૨૦૨૪

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું**

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ નું મતદાન જામનગર જિલ્લામાં તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૧૬/૦૩/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ છે. મતદાનના દિવસે મતદારોના મતની ગુપ્તતા જળવાઇ રહે તેમજ મતદાનની પ્રક્રિયામાં કોઇ અવરોધ ઉભો ન થાય તથા જાહેર સલામતી જળવાઇ રહે તે માટે મતદાન મથકની અંદર મોબાઇલ ફોન જેવા ઉપકરણો સાથે પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવું મને જરૂરી જણાય છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર**, જી.એ.એસ., **અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર જિલ્લો**, જામનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે :-

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે જામનગર જિલ્લાના તમામ મતદાન મથકોમાં મતદાન એજન્ટ, ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ તેમજ સબંધિત મતદાન મથકના નોંધાયેલ મતદારો મોબાઇલ ફોન સાથે **તા.૦૭/૦૫/૨૦૨૪ ના સવારના ૭.૦૦ થી સાંજના ૬.૦૦ કલાક સુધી પ્રવેશ કરી શકશે નહી.**

વધુમાં આદેશ કરૂ છુ કે, મતદાન મથકમાં મોબાઇલ ફોન સાથે પ્રવેશ કરવા પરનો પ્રતિબંધ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. ચૂંટણી ફરજ પરના સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને.
૨. ચૂંટણી અધિકારીશ્રીએ ખાસ અધિકૃત કરેલ અધિકારીઓ/કર્મચારીઓ/વ્યકિતઓને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને આઇપીસીની કલમ-૧૮૮ મુજબ સજા થશે. આ હુકમ અન્વયે જામનગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ અન્વયે ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત જામનગર જિલ્લાની હદમાં જાહેર જનતાને જાણ થાય તે રીતે સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધિ કરવી.

આજ તા.૨૩ માહે: એપ્રિલ-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી પ્રસિદ્ધ કરવામાં આવ્યું.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના:-

૧) જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર
૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર
૩) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

....સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા હુકમની જાહેરાત લાઉડ સ્પીકરવાળા વાહનો દ્વારા કરાવીને જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડીને બહોળી પ્રસિધ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવા તથા તમામ પોલીસ સ્ટેશનોની માહિતી એકત્ર કરી અહેવાલ મોકલવા સારું.

૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય),લાલપુર,ધ્રોલ
૫) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૬–કાલાવડ (અ.જા) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ
૬) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૭–જામનગર (ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (ગ્રામ્ય)
૭) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૮–જામનગર ઉત્તર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (શહેર)
૮) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૯–જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર
૯) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૮૦–જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર
૧૦) વિભાગીય પોલીસ અધિકારીશ્રી,જામનગર(શહેર/ગ્રામ્ય)
૧૧) મામલતદારશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જોમજોધપુર/ધ્રોલ/જોડીયા
૧૨) થાણા ઈન્ચાર્જશ્રી, ...................... પો. સ્ટેશન, જિ. જામનગર.
૧૩) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
... સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિદ્ધિ અપાવવા વિનંતી સહ.
૧૪) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ
... રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ અપાવી તેની પાંચ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.
૧૫) માન્ય રાજકીય પક્ષો (મારફતે : નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર)

નકલ સવિનય રવાના:–

૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
૨) નાયબ સચિવશ્રી,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર
૩) રજિસ્ટ્રારશ્રી, નામ. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજની કોર્ટ, જામનગર.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District